Tuesday
02.01.2024
વિશ્વાસથી વિકાસ યાત્રા
✻Volume :8 ✻ Issue No.160
✻Email.:kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✻Managing Editor:Arjun Sondarva ✻Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04 ✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

૨૦૨૪ના વર્ષના પ્રથમ દિવસે ગુજરાતે સર્જ્યો સામૂહિક સૂર્ય નમસ્કારનો વિશ્વ વિક્રમ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સદાય અગ્રેસર રહેવાની પરંપરાને ગુજરાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર દિશાદર્શનમાં ફરી એકવાર પ્રસ્થાપિત કરી

એક સાથે રાજયના ૧૦૮ સ્થળોએ કુલ ૫૦ હજારથી વધુ લોકો સામુહિક સૂર્ય નમસ્કારમાં જોડાયા

ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં ગુજરાતની ૨૦૨૪ના વર્ષની પ્રથમ સિદ્ધિ

સૂર્યમંદિર મોઢેરાનું પરિસર ૨૦૨૪ના વર્ષના પ્રથમ સૂર્યોદયના કિરણની જ્યોત સાથે સામુહિક સૂર્ય નમસ્કારના વિશ્વ વિક્રમનું પણ સાક્ષી બન્યું

જિલ્લા મથકોએ મંત્રીશ્રીઓ અને પદાધિકારીઓએ ઉપસ્થિત રહી પ્રેરણા પૂરી પાડી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ-રમત ગમત રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવી રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં જોડાયા

કમલમ્ ન્યુઝ,
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં વિકાસ સહિત રમત ગમત ક્ષેત્રે પણ અગ્રેસર રહેવાની પરંપરા ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શન માં ૨૦૨૪ના વર્ષના પ્રથમ દિવસે કરી એકવાર પ્રસ્થાપિત કરી છે. ગુજરાતમાંએક સાથે ૧૦૮ સ્થળોએ કુલ ૫૦ હજારથીવધુ લોકોએ સામૂહિક સૂર્ય નમસ્કાર દ્વારા ૨૦૨૪ના વર્ષનો ભારતનો પ્રથમ રેકોર્ડિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધવાની જવલંત સિદ્ધિ હાંસલ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રમત ગમત રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લાના પ્રાચીન સૂર્ય મંદિર મોઢેરાના પરિસર માં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સામુહિક સૂર્ય નમસ્કારના રાજ્ય કક્ષાના કાર્યક્રમનુંઆયોજન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. રમત ગમત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા રાજ્યવ્યાપી સૂર્ય નમસ્કાર સ્પર્ધાઓ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા અને નગર-મહાનગર કક્ષાએ એક માસસુધી સૂર્ય નમસ્કાર અભિયાન અંતર્ગત યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓના વિજેતા સાધકો દ્વારા મોઢેરા ખાતે સામૂહિક આયોજીત રાજ્યકક્ષાના સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પુરસ્કાર રાશિ અર્પણ કરીને સન્માન કર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત યોગ સાધકો-સૂર્ય નમસ્કાર કરનારા લોકોને પ્રેરણા આપતા સ્પષ્ટપણેજણાવ્યું કે, વિશ્વનેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં વિશ્વમંચમાં ભારતીય સંસ્કૃતિનું ગૌરવગાન થયું છે. તેમણે યોગની પ્રાચીન પરંપરાને વિશ્વસમક્ષ ઉજાગર કરીને ૨૧ મી જૂનને વિશ્વયોગ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરાવી અને યોગ સાધનાથીવિશ્વને જોડવાનુંકાર્ય કર્યું છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે યોગ-પ્રાણાયામ- સૂર્ય નમસ્કાર જેવી પ્રાચીન સ્વાસ્થ્ય વર્ધક વ્યાયામ અને કસરત પરંપરા વ્યક્તિને આધ્યાત્મિકતાસાથે પણ જોડનારી આગવી સંસ્કૃતિ છે તેનું ગૌરવ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુંહતું કે,દિવ્યદૃષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશ સાથે સમગ્રપૃથ્વીના હિતનોવિચાર કર્યો છે, તેના ફળ સ્વરૂપે દેશમાં યોજાયેલ જી-૨૦ થી વસુધૈવ કુટુંબકમનીભાવના જાગૃત થઈછે. મુખ્યમંત્રીશ્રીએ સૂર્યનીઉપાસના અને આરાધના કરવાનો અનેરો અવસર સૂર્યમંદિર ખાતેથી પ્રાપ્ત થયો છે તે નવા વર્ષમાં નવી ઉર્જા અને ઉમ્મા સાથે દરેકના જીવનમાં આનંદ અને ઉન્માદ લાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે નાગરિકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિઆવી છેબીમારીના ઠેલાજ કરતાં બીમારી આવે જ નહિ તેવી આરોગ્યપ્રદ જીવનશૈલીમાટે યોગ, સૂર્ય નમસ્કાર જેવી ક્રિયાઓને લોકોએનિયમતપણે અપનાવી છે. મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ભારતજ૨૦૪૭ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના સ્વપ્નને સાકાર કરવા યોગ-પ્રાણાયામ-સૂર્ય નમસ્કારને વધુ વ્યાપક બનાવીને અમૃતકાળમાં અમૃતમય ભવિષ્ય માટે સંકલ્પ લેવાં આ તકે સૌને આહવાન કર્યુ હતું. રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દેશના ઈતિહાસમાં સામૂહિક સૂર્યનમસ્કારની પ્રથમ ઘટના મોઢેરા સહિત રાજયના ૧૦૮ સ્થળોએ નોંધાઈ છે. આ સામૂહિક સૂર્યનમસ્કાર દેશ અને દુનિયાને નવિન દિશા દર્શન આપશે. સમગ્ર રાજયમાં છેલ્લા એક માસમાં ૧૫ લાખથી વધુનાગરિકોસૂર્યનમસ્કાર અભિયાનમાં જોડાયા છે જે સ્પર્ધા થકી આજે રાજ્ય કક્ષાના સન્માન સમારોહથી એતિહાસિક ઘટનાના આપણે સૌ સાક્ષીબન્યા છીએ તેમ તેમણે કહ્યું હતું. શ્રીહર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ૨૦૨૪ના વર્ષના પ્રથમ દિવસે રાજ્યના વિવિધ ૫૧ સ્થળોએ વિશ્વ વિક્રમ નોંધાયો છે. સમગ્ર દેશમાં ૨૦૨૪ના પ્રથમ દિવસે સામૂહિક સૂર્ય નમસ્કારની ગુજરાતની સિદ્ધીની ઐતિહાસિક નોંધ લેવાઈછે. તેમણેજણાવ્યુંહતું કે, ભારતની સંસ્કૃતિઓળખ યોગ છે. આજે ગુજરાત યોગમાં રોલ મોડેલ બન્યું છે. તેમણે નવા વર્ષમાં નવા સંકલ્પ સાથે સૂર્ય નમસ્કારને અપનાવવા અનુરોધ કર્યો હતો. તેમણે ટેકનોલોજીની વ્યસ્તા વચ્ચે યોગને અપનાવી જીવનને સકારત્મકતા માટે પણ તેમણે ખાસ અપીલ કરી હતી. આ પ્રસંગે રાજયકક્ષાની સ્પર્ધાના વિજેતા ત્રણ પુરૂષ અને ત્રણ સ્ત્રી સ્પર્ધકોનુ સન્માન કરવામાં આવ્યું હતું. પુરૂષ સ્પર્ધકોમાં પ્રથમક્રમે સાબરકાંઠાના કલ્પેશભાઈ સવજીભાઈ, બીજા ક્રમે ગીર સોમનાથના અનીલકુમાર બાબભણીયા અને ત્રીજા ક્રમે છોટાઉદેપુરનારાઠવા કરશનભાઈને સન્માનીત કરવામાં આવ્યા હતા. રાજ્ય કક્ષાની સ્પર્ધાના સ્ત્રી ઉમેદ વારોમાં પ્રથમ ક્રમે બનાસકાંઠાના પટેલ યાના વિનોદકુમાર, બીજા ક્રમે રાજકોટના વખારીયા દ્રષ્ટી ચેતનકુમાર અને ત્રીજા ક્રમે મહેસાણાના પટેલ પૂજા ઘનશ્યામભાઈને સન્માનીત કરવામાં આવ્યાહતા. રાજ્યકક્ષાના વિજેતાઓને અનુક્રમે૨.૫૦લાખ, ૧.૭૫લાખઅને ૧ લાખનું ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રમત ગમત વિભાગના અગ્રસચિવ અશ્વીનીકુમાર, યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના કમિશ્નર આલોક કુમાર પાંડે, યોગ બોર્ડના ચેરમેન શીશપાલરાજપુત જિલ્લા પંચાયત પ્રમુખ તૃપ્તીબેન પટેલ, પારાસમ્ય સુખાજીઠાકોર, અગ્રણી ગીરીશભાઈ રાજગોર, જિલ્લા કલેકટર એમનાગરાજન, જિલ્લા વિકાસઅધિકારી ડો.ઓમ પ્રકાશ, જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ તથા યોગ સાધકો, વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બે દિવસમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ.૨૪૪.૫૭ કરોડ ના પ્રકલ્પોના લોકાર્પણ, લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ

મહીસાગર, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ અને વડોદરા જિલ્લામાં પ્રવાસ કરી મંત્રી શ્રી સંઘવીએ અદ્યતન એસ. ટી બસ સ્ટેન્ડ, સુવિધાસભર પોલીસ આવાસો, નવીન પોલીસ સ્ટેશનના મકાન, નવીન ૫૦ એસ. ટી બસ, જિલ્લા ઇમરજન્સી ઓપરેશન સેન્ટર તેમજ વિવિધ આરોગ્યલક્ષી કાર્યોના લોકાર્પણ - ઈ લોકાર્પણ કરી પ્રજાની સુખાકારીમાં વધારો કર્યો

કમલમ્ ન્યુઝ,
ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી તા. ૩૦-૩૧ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન મહીસાગર, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ અનેવડોદરા જિલ્લાનાપ્રવાસે હતા. આ બે દિવસીય પ્રવાસ દરમિયાન મંત્રીશ્રીએ પ્રજાની સુખાકારીમાં વધારો થાયઅને પ્રજાનુરક્ષણ કરતા પોલીસ અધિકારી કર્મચારીઓના પરિવારોની સુખાકારીમાં વધારો થાયતેવા અનેકપ્રકલ્પોમાં લોકાર્પણ -ઈ લોકાર્પણ કર્યા છે.

આ બે દિવસીય પ્રવાસ દરમિયાન મંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ.૨૪૪.૫૭કરોડનાવિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોમાં લોકાર્પણ કરવામાંઆવ્યાછે. એટલુંજ નહિ, ડિજીટલ યુગમાં રાજ્યના નાગરિકોને સાયબર ક્રાઇમથી રક્ષણ આપવાના ઉદ્દેશ સાથે રાજ્યના ૧૪ જિલ્લામાં નવા સાયબર ક્રાઇમ પોલીસસ્ટેશનની ભેટ પણ આપીછે.

મંત્રીશ્રીએ આ પ્રવાસ દરમિયાન અદ્યતનએસ. ટીબસ સ્ટેન્ડ, સુવિધાસભર પોલીસ આવાસો, નવીનપોલીસ સ્ટેશનના મકાન, નવીન૫૦એસ.ટી બસ, જિલ્લા ઇમરજન્સી ઓપરેશન સેન્ટર તેમજવિવિધ આરોગ્યલક્ષી કાર્યોના લોકાર્પણ તથા ઈ-લોકાર્પણ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, વડોદરાનાપ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રી ડેસર તાલુકાના નવા શિહોરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થઈ રૂ. ૨.૭૩ કરોડના આરોગ્ય લક્ષી વિકાસકામોનું લોકાર્પણ કર્યા બાદ જિલ્લાકક્ષીવટી તંત્રઅને આરોગ્ય તંત્રના સંયુકત ઉપક્રમે બાળ આરોગ્યમ કૃશ સે કુપ્પણ તક પ્રોજેકટનો પણ તેમણે શુભારંભ કરાવ્યો હતો. તો બીજી તરફ વડોદરા શહેર પોલીસના નવા પોલીસસ્ટેશન, આવાસોનું લોકાર્પણ કરતી વખતે મંત્રીશ્રીએ ટ્રાફિક પોલીસને ઉનાળામાં ધોમધખતી ગરમીમાં ઓછી ગરમી લાગે તે આશય સાથે એસી હેલ્મેટ અને બાઈક વિતરણ પણ કર્યું હતું. આ ઉપરાંત મંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા પી.એમ સ્વનિધી યોજનાના લાભાર્થીઓને રૂ.૫૭ કરોડથી વધુના લાભ આપવામાં આવ્યા હતા. એટલું જ નહિ, પ્રધાનમંત્રી આવાસ યોજના તથા અન્ય આવાસ યોજનાના ૬૬૩ આવાસોના ડ્રો કરવામાં આવ્યા હતા.

પી. એમ સ્વનિધી યોજનાના લાભાર્થીઓને રૂ.૫૭ કરોડથી વધુના લાભ અપાયા

સુરતના ડુમસ બીચ ખાતે આદિજાતિ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો

યોગાભ્યાસ થકી રાજ્યના નાગરિકોને નિરોગી બનાવવાનો નવતર અભિગમ- 'સૂર્ય નમસ્કાર મહા અભિયાન'

સૂર્ય નમસ્કાર શરીરને ઊર્જાન્વિત કરી રોજિંદા કાર્યો કરવા માટે શક્તિ આપે છે

સૂર્ય નમસ્કાર શરીર, શ્વાસ અને મનને સ્થિર રાખે છે:

કમલમ્ ન્યુઝ,
રાજ્યમાં યોગાભ્યાસ થકી નાગરિકોને નિરોગી બનાવવાના નવતર અભિગમ સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને સુરત મહાનગરપલિકાનાસંયુક્ત ઉપક્રમે સૂર્ય નમસ્કાર મહાઅભિયાન અંતર્ગત આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ અધ્યક્ષતામાંડુમસ બીચખાતે સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો,જેમાં મોટી સંખ્યામાં યોગપ્રેમીઓ જોડાઇ શકિત, ઊર્જા, આનંદ અને પ્રફુલ્લિતતાની અનુભૂતિમાટે સુર્ય નમસ્કાર કર્યા હતા. આ પ્રસંગેઆદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ સૂર્ય નમસ્કાર યોગનું મહત્વ સમજાવતાં કહ્યું હતું કે, સૂર્ય વગર પૃથ્વી પર જીવન શકય જ નહોત એટલે સૂર્ય નમસ્કાર સૂર્ય પ્રત્યે કૃતજ્ઞતાવ્યક્ત કરવાનીરીત છે,જે આપણા પૃથ્વીગ્રહ પર તમામ પ્રાણ ઊર્જાનું મુખ્ય કારણ છે. સૂર્ય નમસ્કાર આપણા ઋષિમુનીઓ દ્વારા નિશ્ચિત કરાયેલા બાર આસનોનો સમુહ છે. જે શરીર,શ્વાસઅને મનને સ્થિર રાખી ધ્યાનની ગહેરાઈમાંજવામાંસહાય કરતું પગલું છે. સૂર્ય નમસ્કાર શરીરને ઊર્જાન્વિત અને મનને તારોતાજા કરે છે, દિવસના બધા કામ કરવાઆપણને તૈયાર કરે છે. સૂર્ય નમસ્કાર હૃદય અને લોહીની નળીઓ માટે એક ઉત્તમ કસરત અને વજન ઉતારવાનો સારો માર્ગ છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, સૂર્યનમસ્કાર માનવીને ઊર્જા આપે છે. શરીરને સહેલાઈથી વળી શકે તેવુંબનાવે છે, અને રૂધિરાભિસરણ સુધારે છે, રૂધિરાભિસરણ બહેતર થતા અગત્યના આંતરિક અંગો વધારે કાર્યાન્વિત થાય છે અને શરીરના ત્રિદોષ વાત, કફ અને પિત્તને સમતુલીત કરે છે. જેથી દરરોજ સુર્ય નમસ્કાર આસન કરવાનો અનુરોધ રાજયમંત્રીશ્રી અનુરોધકર્યા હતારાજ્યના ૧૦૮ ઐતિહાસિક સ્થળો પર એક સાથે ભવ્ય સામુહિક સુર્ય નમસ્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોઢેરા સુર્યમંદિરથી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનુંજીવંત પ્રસારણ ડુમસ ખાતે ઉપસ્થિત યોગીપ્રેમીઓએ નિહાળ્યુંહતું. આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રીઓ સંદિપભાઈ દેસાઈ, મનુભાઈ પટેલ, કાર્પોરેટરો, જિલ્લા યોગ કોઓર્ડીનેટર નવનીતભાઈ શેલડીયા, એસએમસીના અધિકારીઓ, શહેરીજનો સહિત મોટી સખ્યામાં યોગીપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શક્તિ, ઊર્જા, આનંદ અને પ્રફુલ્લિતતાની અનુભૂતિ માટે યોગપ્રેમીઓએ કર્યા સૂર્ય નમસ્કાર

નવા વર્ષ ૨૦૨૪ના નૂતન દિનેસુરતના ઐતિહાસિક કિલ્લા ખાતે શિક્ષણરાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો

સૂરતવાસીઓએ સૂર્ય નમસ્કાર કરી નવા વર્ષને આવકાર્યું







કમલમ્ન્યુઝ,મયુર પટેલ
કેન્દ્ર સરકારના 'ફિટ ઈન્ડિયા' અને રાજ્ય સરકારના 'સ્વસ્થ ગુજરાત'ના સંકલ્પનેસાકાર કરવા તેમજ યોગાભ્યાસ થકી સ્વાસ્થ્ય જન જાગૃતિ માટે 'સૂર્યનમસ્કાર મહાઅભિયાન' અંતર્ગતસુરત શહેરના ચોકબજાર સ્થિત એતિહાસિક કિલ્લા ખાતે શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈપાનશેરીયાના અધ્યક્ષસ્થાને નવા વર્ષ ૨૦૨૪ના પ્રથમ અને નૂતન દિને સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયોહતો ગુજરાતરાજ્ય યોગ બોર્ડ અને સુરત મહાનગરપાલિકાનાસંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ સૂર્ય નમસ્કાર કરી સૂર્યદેવની ઉપાસના સહ વંદન કર્યા હતા. અહીં સૂરતવાસીઓએ સૂર્ય નમસ્કાર કરી નવા વર્ષને આવકાર્યું હતું, અને સામૂહિક યોગ મહાઅભિયાનમાંજોડાઈ શહેરીજનોને સ્વસ્થ રહેવા માટે પ્રેરિત કર્યા હતા. નોંધનીય છે કે, યોગઅને સૂર્ય નમસ્કાર એ માનસિક અને શારીરિક ઉર્જાનો સ્રોત છે. સૂર્ય નમસ્કારનું આરોગ્ય વિષયક, વૈજ્ઞાનિક અને ધાર્મિક એમત્રિવિધ રીતેમહત્વ છે. સૂર્ય નમસ્કારમાં મોટાભાગના આસનોનો સમાવેશ થઈ જતો હોવાથી તેને પૂર્ણ યોગ પણ કહે છે. સૂર્ય નમસ્કાર, જેને 'ધ અલ્ટીમેટ આસન' તરીકે પણ ઓળખવામાંઆવે છે જેપીઠ તેમજસ્નાયુઓને મજબૂતબનાવેછેઅને બ્લડ સુગર ઘટાડેછે. નિયમિતસૂર્ય નમસ્કાર કરવાથીરક્ત પરિભ્રમણ પણ સુધ્રે છે જેથીવ્યવાસાટેપણ ફળદાયી બની રહે છે. આ પ્રકારે સૂર્ય નમસ્કારના અનેક ફાયદાઓછે. આજે નવાવર્ષના પહેલીપ્રભાતે સૂર્ય ના પ્રથમ કિરણ સાથે સમગ્રગુજરાત રાજ્યએ 'રોગ તને પડકાર, સૂર્ય તને નમસ્કાર'ની થીમ સાથે સૌથી વધુ સંખ્યામાં યોગપ્રેમીઓએ સૂર્ય નમસ્કાર કરી વિશ્વ વિક્રમ બનાવ્યો છે.

મોઢેરાના સૂર્યમંદિર ખાતે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાના કાર્યક્રમમાંવિજેતા થયેલાદ્ર શ્રેષ્ઠ સ્પર્ધકોને પુરસ્કાર અપાયા હતા. આ કાર્યક્રમનું જીવત પ્રસારણ યોગીપ્રેમીઓએ નિહાળ્યું હતું. સૂર્યનીઉપાસના અને આરાધના કરવાના આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી વિનોદભાઈ મોરડિયા, પૂર્ણેશ મોદી, કોર્પોરેટરો, મનપાના અધિકારીઓ, શહેરીજનો સહિત મોટી સખ્યામાં યોગીપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

ગુજરાત સરકાર અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગદ્વારા સૌરાષ્ટ્રકચ્છ જિલ્લાપુરવઠા અધિકારીશ્રીઓ અનેપુરવઠા મેનેજરશ્રીઓનીચિંતન શિબિરઅન્ન અને નાગરિક પુરવઠા વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાનાં અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આતકે જિલ્લાપુરવઠા અધિકારીઓને કરજો" ઉપરનું પ્રેઝન્ટેશન રજૂ થયું હતું.મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા એ આ તકે કહ્યુ હતું કે, રાજકોટમાં યોજાયેલ સૌ પ્રથમ અન્ન અને નાગરિક પુરવઠાની ચિંતન શિબિરથી આ વિભાગ વધુ બહેતર બનશે. ચિંતન શિબિર થકી અધિકારીઓની કાર્યક્ષમતામાં વધારોથાય છે.અન્ન અને નાગરિક પુરવઠા દ્વારા લોકોની જરૂરાજિન ઠારવાનું થઈ રહયુ છે ત સંપૂર્ણ જવાબદારી – અનુશાસનપૂર્વક થવુંજોઈએ. સરકારની વિવિધ યોજનાઓલોકો સુધી વધુ સરળતાથી પહોચાડવાના ઉકેલ માટે સૌએ સજ્જ થવું જોઈએ. સૌરાષ્ટ્ર મહેમાનના આતિથ્ય માટેજાણીતુછે. અહીંદાતાઓદ્વારા ધાર્મિક સ્થળો ઉપર પદયાત્રીઓ માટે પાણીના પરબ અને અન્ન ક્ષેત્ર ચલાવાતુ હતું. ત્યારે આપણે લોકોને અન્ન પહોચાડવાનું સેવાનું કાર્ય કાર્યક્રમ રીતે સમયસુસ્કતાપૂર્વક કરવુજોઈએ. દરેકઅધિકારીઓએ લોકો સાથે વણી-વિચારમાંઅનુશાસન અપનાવવુજોઈએ. દેશનાવડાપ્રધાનશ્રીએ કહોના કાળથી શરૂ કરેલ અનાજની યોજનાના લાભથી લાભાર્થીઓ વંચિત ન રહે તેજોવુ જોઈએ.ગોડાઉન મેનેજરેઅનાજના ગોડાઉનની સદ સંભાળ, એકસીઆઈમાંથી આવતા અનાજના જથ્થાના વજન, ગુણવત્તા વગેરે તપાસવા જોઈએ. તો પુરવઠા અધિકારીઓને સંબંધિત કાયદા અને નિયમોની સમજહોવીજોઈએ. અગ્રસચિવશ્રી આર.સી.મીનાએ જણાવ્યું હતું કેસરકાર ના કોઈપણ વિભાગને બહેતર બનાવવાચિંતન શિબિર મહત્વની ભૂમિકા ભજવે છે. અહી વિભાગને લગતી નવી કાયદાકીય માહિતી સહિતની વિવિધ જાણકારીઓ અપાય છે. જેથી અધિકારીઓ છેવાડાનાં માનવી સુધીયોજનાનોલાભ મોકલી શકે છે. અધિકારીઓના ગ્રુપને ડુબરૂ ફિલ્ડ ઉપર મોકલીને પ્રેક્ટીકલ તાલીમ અપાશે. અધિકારીઓની સમસ્યાઓ માટે પ્રશ્નોત્તરીનું સત્ર પણ રખાયુ છે. મેનેજિંગ ડિરેક્ટરશ્રી તુષાર ધોળકિયાએ જણાવ્યું હતું કે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગનીકામગીરીની સમજણ, કામગીરીમાં પડતી સમસ્યાનો ઉકેલ અહીમળેછે. આક્ષેત્રનાનવા અપડેશન અને આધુનિક ટેકનોલોજીના સહયોગથી અધિકારીઓની કાર્યપધ્ધતિબદલાશે. જેનો લાભ સરકારી યોજનાના લાભાર્થીઓને મળશે.આ ચિંતન શિબિરનો પ્રારંભ મહાનુભાવોના વરદ હસ્તે દિપપ્રાગટય દ્વારા કરાયો હતો. આ અવસરે "રામાયણ" નાગ્રંથથી મહાનુભાવોનું સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાજેશી વંગવાનીએઅને કલેકટરશ્રીપ્રભવ જોશીએપ્રાસંગિક પ્રવચનકર્યું હતું. આ શિબિર માં અધિક કલેકટરશ્રી જે.કે જેગોડા, નાયબ સચિવશ્રી નયનાબેન, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર દેવાંગી દેસાઈ, સયુંક્ત નિયામક ભાવિન સગર, અંગત સચિવશ્રીશિવરાજ બિલવા, ઉપસચીવશ્રી હેમંત શ્રીમાળી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વાંગવાની, જિલ્લાના તુમામ પુરવઠા અધિકારીશ્રીઓ, સુપ્રાયા મેનેજરશ્રી, ગોડાઉન મેનેજરશ્રીઓ, સ્ટાફ આતકે ઉપસ્થિતિ રહ્યા હતા.

મહાન બલિદાની રાજા નાહર સિંહની જીવન ગાથા યુવા પેઢીને પ્રેરણા આપશે : રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજી

હરિયાણાના ફરીદાબાદના વલ્લભગઢના દશેરા મેદાનમાં ક્રાંતિના અગ્રદૂત રાજા નાહર સિંહની પ્રતિમાનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે અનાવરણ

કમલમ્ ન્યુઝ,
દેશના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામના અમર શહીદ અને વલ્લભગઢના શાસક રાજા નાહર સિંહની પ્રતિમાનું આજે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે વલ્લભગઢના દશેરા મેદાનમાં અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સ્મારકના અનાવરણ પ્રસંગે હરિયાણાના ભૂતપૂર્વમુખ્ય પ્રધાન ચૌધરી ભૂપેન્દ્રસિંહ હુડ્ડા, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ચૌધરી ઓમ પ્રકાશ ચૌટાલા, મથુરાના સાંસદ હેમા માલિની, રાષ્ટ્રીય સચિવ ઓ.પી. ધનખડ,ભૂતપૂર્વમુખ્ય પ્રધાન ચૌધરી ઓમ પ્રકાશ ચૌટાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ૧૮૫૦ની ક્રાંતિના પ્રણેતા અને મહાન જાટ શહીદ રાજા નાહર સિંહની પ્રતિમાના અનાવરણ સમારોહમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતાં ગુજરાતનારાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, રાજા નાહર સિંહ જેવા મહાન શહીદનીજીવન ગાથાદરેક વ્યક્તિ સુધી પહોંચવી જોઈએ, જેથી આવનારી પેઢીને ખબર પડે કે કેવી રીતે દેશના આ મહાન સપૂતોએ પોતાનું બલિદાન આપી દેશને આઝાદી અપાવી છે. રાજા નાહર સિંહના ઈતિહાસ વિશે વિગતે વાત કરતાં તેમણે કહ્યું કે, નાની ઉંમરમાં ગાદીસંભાળનાર રાજા નાહર સિંહે અંગ્રેજોને લાંબા સમય સુધી દિલ્હી પર કબજો કરતા રોક્યા, તેનું પરિણામ એ આવ્યું કે અંગ્રેજોએ દિલ્હી પર નિયંત્રણ મેળવ્યા બાદ તેમને ટાઉનહોલ, ચાંદની ચોકમાં જાહેરમાં ફાંસી આપી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, જો રાજા નાહર સિંહે ઈચ્છયું હોત તો તે સમયે અંગ્રેજો સાથે સમાધાન કરીને પોતાનો જીવ બચાવી શકયા હોત, પરંતુ તેમણે નમવાને બદલે કપાવું વધુ યોગ્ય માન્યું. સમાજે આજે આ વાત સમજવી પડશે. તેમણે કહ્યું કે માત્ર રાજા નાહર સિંહની જેમ જ ચૌધરી મહેન્દ્ર પ્રતાપ, રાજા સૂરજ મલ સહિત સદીના આવા ઘણા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ હતા, જેમના કારણે આજે આપણે આઝાદીની શ્વાસ લઈ રહ્યા છીએ. આ અવસરે મથુરાના સંસદ શ્રી મતી હેમા માલિનીએ રાજા નાહર સિંહના બલિદાનને યાદ કરતાં કહ્યું કે, જાટ સમુદાય હંમેશા દેશની રક્ષામાટે અગ્રેસર રહ્યો છે, પછી તે પોલીસ હોય કે અન્ય અર્ધલશ્કરી દળો, જાટ સમુદાય અગ્રણી ભૂમિકામાં રહ્યો છે. આ પ્રસંગે હરિયાણાના પૂર્વ મુખ્ય મંત્રી ચૌધરીભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ કહ્યું કે, આખો દેશ રાજા નાહર સિંહના બલિદાનને યાદકરે છે.તેમણે કહ્યું કે તેઓ સ્વતંત્રતા સેનાનીઓનાં પરિવાર સાથેસંબંધ ધરાવેછે અને તેઓ જાણે છે કે દેશની રક્ષા માટે સ્વતંત્રતા સેનાનીઓએ કેવા બલિદાન આપવા પડ્યા હતા. તેમણે કહ્યું કે આપણે બધાએ રાજા નાહર સિંહ જેવા મહાન સપૂતાની જીવનક થાઓ જ નસમુદાય સુધી પહોચાડવી જોઈએ. આ પ્રસંગે હરિયાણાના પૂર્વ કેબિનેટ મંત્રી ચૌધરી કરણ સિંહ દલાલે કહ્યું કે, રાજા નાહર સિંહને ભારતરત્નથી સન્માનિત કરવા જોઈએ. હરિયાણાના પરિવહન મંત્રી પંડિત મૂલચંદ શર્માએકહ્યું કે, આજે રાજા નાહર સિંહનાશહીદે વલ્લભગઢમાં બે પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે. તમામ મહેમાનોનું સ્વાગત કરતાં રાજા નાહર સિંહ સ્મારકના નિર્માતા સામાજિક કાર્યકર ચૌધરી સત્યવીર ડાગરે જણાવ્યું હતું કે, રાજા નાહર સિંહ મેમોરિયલના અનાવરણમાટે અહીં જે રીતે સમગ્ર દેશના મહાન નેતાઓ અહીંપહોંચ્યા છે,તે પુરાવો છે કે આખો દેશ રાજા નાહર સિંહના બલિદાનનું મહત્વ સમજે છે.

નાહર સિંહ એક એવું વ્યક્તિત્વ છે જે સમગ્ર દેશ માટે એક ઉદાહરણ છે. લોકોને એકતા અને મજબૂતીથીઆગળ લઈને જે રાજાનાહર સિંહનેસાચી શ્રદ્ધાંજલિ હશે. આ પ્રસંગે રાજસ્થાન રોયલ પરિવારના રાજકુમારી કૃષ્ણેન્દ્ર દીપએરાજા નાહર સિંહના સ્મારક માટેઅભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે, અન્ય તમામ કાર્યોની સાથે સાથે આવા નિર્માણ દેશમાં નવો ઈતિહાસ રચવામાં મદદ કરે છે. રાજાનાહર સિંહની આપ્રતિમા અંદાજે ૪૦ ફુટ ઊંચી છે, સંપૂર્ણ લોખંડ અને કાંકીટથી બનેલા ૨૦ ફુટ ઊંચા મંચ પર રાજા નાહર સિંહની સાડા ૧૭ ફુટ ઊંચી અષ્ટધાતુની પ્રતિમા રાજા નાહર સિંહની સંકલ્પબદ્ધતાનું પ્રતિક છે. આ અવસરે ઉત્તરપ્રદેશના કેબિનેટ મંત્રી લક્ષ્મીનારાયણ, ધારાસભ્યો, અગ્રણી મહાનુભાવો અને પરપાલની સરદારી ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ ખાતે "અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના" હેઠળ લાભાર્થીઓને રૂ. ૧૫ લાખની વીમા વળતરની રકમ ચુકવતા કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણ

"ભારતીય ટપાલ વિભાગ પરફોર્મ, રિફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્ર સાથે દરેક શ્રમિકને પરવડે તેવા વીમા કવચથી સુરક્ષિત કરવા પ્રતિબદ્ધ" - કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણ

અત્યાર સુધીમાં રાજ્યભરમાં ૩ લાખથી વધુ અને રાજકોટ ડિવિઝનમાં ૨૦ હજારથી વધુ લોકો "અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના" નો લાભ લઈ રહ્યા છે

કમલમ્ ન્યુઝ,રાજકોટ
કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં હેડ પોસ્ટ ઓફિસ, રાજકોટ ખાતે "અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના" હેઠળ લાભ લેનાર લાભાર્થીઓના પરિવારજનોને વીમાકવચની રકમ ચુકવવામાં આવી હતી. જેમાં ૬ મહિના પહેલા મૃત્યુ પામેલા કહકાભાઈ મકવાણાના પત્ની રેખાબેનને રૂપિયા ૧૦ લાખ અને મૃતક અંજૂબેન ઘોયેલના પુત્ર દલસુખભાઈ ઘોયેલને રૂપિયા પાંચ લાખના વીમા કવચની રકમ ચુકવવામાં આવી હતી. આ તકે કેન્દ્રીય મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, વડકમલમ્ ન્યુઝ,ડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ઈન્ડીયન પોસ્ટલ વિભાગની કલ્યાણકારી યોજનાઓ પ્રત્યેક ગામ, કુટુંબ અને વ્યક્તિ સુધી પહોચતેમાટે પ્રતિબદ્ધતાસાથે કામ કરીરહ્યુંછે. ત્યારેઈન્ડીયન પોસ્ટલ વિભાગની "અંત્યોદય શ્રમિક સુરક્ષાયોજના" શ્રમિકોઅને તેના પરિવાર માટે કલ્યાણકારી સાબિત થઈ રહી છે. મન કહેતા ગવની લાગણી અનુભવાય છે કે, મૃતક હકાભાઈના પત્નીને ખ્યાલ પણ નહોતો કે તેમના પતિએ "અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના"નો લાભ લીધો છે. પરંતુ પોસ્ટ વિભાગનાઅધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓએ તેમના મૃત્યુની જાણ થતા તેમના પરિજનોના સામેથી સંપર્ક કરીને રૂપિયા ૧૦ લાખની સહાય માટે જરૂરી કાર્યવાહીમાંમદદ કરીને માત્ર ૧૫ દિવસમાં કરીને તેમને આ લાભ અપાવ્યોછે. વધુમાંતેમણે કહ્યુંહતું કે,ભારતીય ટપાલવિભાગ શ્રમિકો અને સામાન્ય નાગરીકોને પરવડે તેવી યોજના બનાવીએ તે માટે પરફોર્મ, રિફોર્મઅને ટ્રાન્સફોર્મના મંત્ર સાથે કામ કરી રહ્યું છે. ૮ જુલાઈ ૨૦૨૨ના રોજ ખેડા જિલ્લામાં પાયલોટ ધોરણે શરૂ થયેલી "અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના"ના ૪૮ દિવસમાં જ આશરે એક લાખથી વધુ લાભાર્થીઓએ આયોજનાનો લાભ લીધોહતો. આજે સમ્રગ ગુજરાતમાં અત્યાર સુધીમાં૩,૮૬,૦૬૩અને રાજકોટ ડિવિઝનમાં ૨૦,૧૫૨ લોકો આ યોજના સાથે જોડાયેલા છે. પોસ્ટ વિભાગ આવનાર સમયમાંપણ વધુનેવધુ નાગરીકોને આ યોજનાહેઠળ જોડવામાટે પુરી નિષ્ઠાથી કામગીરી કરશે તવા વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યા હતા. આ તકે કેન્દ્રીય મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણના હસ્તે ૬ મહિના પહેલા મૃત્યુ પામેલા હકાભાઈ મકવાણાના પત્નિ રેખાબેનને રૂપિયા ૧૦ લાખ અને મૃતક અંજૂબેન ઘોયેલના પુત્રદલસુખભાઈ ઘોયેલને રૂપિયા પાંચ લાખના વીમા કવચની રકમ ચુકવવામાંઆવીહતી. તેમજ સહાનુભૂતિ દર્શાવીને તલસ્પર્શી સંવાદ કર્યો હતો. તેમજ મંત્રીશ્રીએ લાભાર્થીને શ્રેષ્ઠ સેવાઆપવા બદલ ભાવનગર બ્રાન્ચના મેનેજરશ્રી વિશ્વેશ કુમારની કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. નોંધનીય છે કે,પોસ્ટ વિભાગ અને ઈન્ડિયાપોસ્ટ પેમેન્ટ બેંક દ્વારા શ્રમિકો માટે ખાસ તેમને આર્થિક રીતે પોષાય તેવી અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજનાગતતા. ૦૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવી હતી. આ યોજનામાં માત્ર રૂ. ૨૮૯ના વાર્ષિક પ્રીમિયમમાં રૂ. ૦૫ લાખ તેમજ રૂ. ૪૯૯ના વાર્ષિક પ્રીમિયમમાં રૂ. ૧૦ લાખના વીમા કવચમાં દુર્ઘટનાથી મૃત્યુ માટે, કાયમી દિવ્યાંગતા, આંશીક દિવ્યાંગતા, આકસ્મીક હોસ્પિટલ ખર્ચ, અંતિમ સંસ્કાર વિધી, પાર્થિવ દેહનું પરિવહન, મૃતકના બે બાળકોને શિક્ષણના લાભ સહિતની સહાય શ્રમિકોને ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીઓના સહયોગથીઆપવામાં આવેછે. આ અવસરે જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશી, પોસ્ટ માસ્ટર જનરલશ્રી બી.એલ.સોનલ, આસિસ્ટન્ટ જનરલમેનેજરશ્રીઆઈ.પી.પી.બી., ગુજરાત અને મહારાષ્ટ્રના સર્કલ હેડશ્રી ડો. રાજીવ અવસ્થી, સીનિયર સુપ્રિટેન્ડન્ટશ્રી પિપુષ રજાક સહિતના પોસ્ટ વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિતરહ્યા હતા.

ગુજરાત રાજ્યે સૂર્યના પહેલા કિરણ સાથે સૂર્ય નમસ્કાર કરી વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો; મોરબી જિલ્લો બન્યો સહભાગી

ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા તથા જિલ્લા કલેકટરશ્રી જી.ટી. પંડ્યાની ઉપસ્થિતમાં નાલંદા વિદ્યાલય ખાતે યોજાયો ભવ્ય કાર્યક્રમ

રોગ તને પડકાર, સૂર્ય તને નમસ્કારની વિચારધારા સાથે નાલંદા વિદ્યાલય ખાતે ૬૦૬ યોગ સાધકોએ સૂર્ય નમસ્કાર કરી વિશ્વ વિક્રમમાં પોતાનો ફાળો નોંધાવ્યો

કમલમ્ ન્યુઝ,મોરબી
નવા વર્ષે સૂરજની પહેલી કિરણ સાથે ગુજરાતેસૂર્ય નમસ્કાર થકી વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો છે અને ગીનિસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. ત્યારે મોરબી જિલ્લોપણ આસિદ્ધિમાં સહભાગી બનીઆ એતિહાસિક ક્ષણનોસાક્ષી બન્યો છે. મોરબીમાં નવાવર્ષે નવી ઊર્જા સાથે નાલંદા વિદ્યાલય ખાતે ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા અને જિલ્લા કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યાનીપ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રીજી.ટી.પંડ્યાએ જણાવ્યું હતું કે,રાજ્યમાં ૫૧ સ્થળોએ સૂર્ય નમસ્કાર કરી વિશ્વવિક્રમ સ્થાપિત કરવા માટે યોજાયેલા કાર્યક્રમમાં મોરબી જિલ્લા પણ આ વિશ્વ વિક્રમના સહભાગી બન્યો છે. મોરબીમાં પણ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યુંહતું અને અહીં ૬૦૬ યોગ સાધકો સૂર્ય નમસ્કાર કરી ગુજરાતની આ એતિહાસિક સિદ્ધિમાં સહભાગી બન્યા હતા. વર્ષના પ્રથમ દિવસે સૂર્યના પ્રથમ કિરણ સાથે સમગ્ર ગુજરાતરાજ્યએ 'રોગતને પડકાર, સૂર્ય તને નમસ્કાર'ની થીમ અને અનુહદ જોશ સાથે સૂર્ય નમસ્કાર કરી વિશ્વ વિક્રમ બનાવ્યો છે. મોઢેરા ખાતે રાજ્ય કક્ષાના કાર્યક્રમની સમાંતર રાજ્યમાં કુલ ૫૧ સ્થળોએ સૂર્ય નમસ્કાર ના ભવ્ય કાર્યક્રમોનુંઆયોજન કરવામાં આવ્યું હતું. આ સ્થળોમાં મોરબી જિલ્લાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત ગુજરાત રાજ્ય યોગબોર્ડના માર્ગદર્શન હેઠળમોરબી જિલ્લામાંશ્રી નાલંદા વિદ્યાલય, વિરપર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વ લોકોએ સુર્યનમસ્કાર કરીને વિશ્વ વિક્રમમાં પોતાનો ફાળો નોંધાવ્યો હતો.આ પ્રસંગે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે વચ્ચુંબલ માધ્યમથી વિશ્વ સ્તરે સમગ્ર ગુજરાતનુ ગૌરવ વધારવા સૌ ગુજરાતીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સૂર્ય એટલે ઊર્જાનો સ્રોત ત્યારે ગરવી ગુજરાતે નવાવર્ષની શરૂઆત સૂર્ય નમસ્કાર કરીને કરી હતી. સૂર્ય નમસ્કાર, જેને 'ધ બ્રહ્મેન્ટ આસન' તરીકે પણ ઓળખવામાં આવે છે જે પીઠ તેમજ તમારા સ્નાયુઓનેમજબૂત બનાવેછે અને બ્લડ સુગર ઘટાડે છે. નિયમિત સૂર્ય નમસ્કાર કરવાથીરક્ત પરિભ્રમણ પણ સુધરે છે જેથી ત્વચા માટે પણ ફળદાયી બની રહે છે. આવા તો અનેક ફાયદાઓ છે સૂર્ય નમસ્કારના, ત્યારેમોરબીના યોગ સાધકો, યોગટ્રેનર, યોગ કોચીમટર તથા યોગ કોચ સહિત સૌએ મળી ૧૧ સૂર્ય નમસ્કાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ટંકારા-પડધરી ધારા સભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, જિલ્લાકલેક્ટરશ્રીજી.ટી. પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, જિલ્લાયુવા વિકાસ અધિકારીશ્રી હિરલબેન વ્યાસ, નાલંદા વિદ્યાલયના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી બી.એ. ગામી, અગ્રણીશ્રીઓ, અધિકારીશ્રીઓ, યોગ સાધકો, નાલંદા વિદ્યાલયનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઈડર ની ડી જી એસ સ્કૂલ ધ્વારા માતૃ પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,
ઈડર ની ડી જી એસ સ્કૂલ ધ્વારા માતૃ પિતૃ વંદના કાર્યક્રમ શાળા ના પટાંગણ મા યોજાયો હતો દેશ મા ગણા બધા લોકો થર્ટી ફર્સ્ટ ની ઊજવણી કરતા હોય છે એટલે બાળકો માભારતીય સંસ્કૃતિજળવાય એ માટે આ કાર્યક્રમ તારીખ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં માતૃ પિતૃ વંદના કાર્યક્રમ થકી બાળકોમાં સંસ્કારોનું સિચન થાય અનેભારતીય સંસ્કૃતિશું છે એની તરફવળે એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે પરંતુ આ કાર્યક્રમમા જ્યારે વાલીઓ પોતાના બાળકોને મળતાત્યારે વાલીઓ પોતાના બાળકોને ગળેલગાવીઆશીર્વાદ આપતાત્યારે વાલીઓ ની આંખોમાંથી આંસુવહી આવતા અને આ એક બહુ સરસમજાનો કાર્યક્રમડીજીએસ પરિવારતરફથી યોજાયોઅને નવા યુગના અંદર સ્કૂલના બાળકોને ભારતીય સંસ્કૃતિ વિષેમાહિતગાર કરતો આ એક બહુ મેજાનો સફળ કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમ પૂર્ણ થતા વાલીઓએ સંબોધન કરતા પરિવારનો આભાર માન્યો અને આ એક સંસ્કૃતિ કાર્યક્રમનીજાણ વાળીઓપણ ખુશીઅનુભવી ડીજીએસપરિવાર કોઈ સંસ્કૃતિ કાર્યક્રમ કરી બાળપણ અંદર સંસ્કૃત લાવવા માટે જાગૃતિ લાવીરહ્યું છે

સરખેજવોર્ડ ખાતે ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં વિકસિત ભારત રથોનું આગમન

૧૩૦૫ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ૨૮૨ લાભાર્થીઓને પીએમ સ્વનિધી, ૧૫૦ લાભાર્થીઓને પીએમ ઉજ્જવલા યોજના, ૭૭ લાભાર્થીઓને સ્વચ્છ ભારત અભિયાન(અર્બન) જેવી યોજનાઓના લાભો/યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી

૫૩૬૪ લોકો સહભાગી થયા તથા ૨૨૭૪ લોકોએ આરોગ્ય કેમ્પ અંતર્ગત આરોગ્ય તપાસનો લાભ મેળવ્યો

કમલમ્ ન્યુઝ,
અમદાવાદ શહેરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગતઅમદાવાદમ્યુનિ. કોર્પોરેશન નો વિકસિત ભારત રથ સરખેજ વોર્ડ પહોચ્યો હતો. સરખેજ વોર્ડ ખાતે ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં વિકસિત ભારત રથોનું આગમન થયું હતું. સરખેજ સી.એચ.સીએન વેજાપુર રેલવે સ્ટેશન રોડ ખાતે યોજાયેલા વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમોમાં વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની વિગતો લોકો સુધી પહોચાડવામાં આવી હતી તથા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને તેમના લાભો એનાયત કરવામાં આવ્યા હતા. ૫૩૬૪ લોકો આ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા. ૨૨૭૪ લોકોએ કાર્યક્રમોમાં યોજાયેલ આરોગ્ય કેમ્પ અંતર્ગત આરોગ્ય તપાસનો લાભ મેળવ્યોહતો. જેમાં લાભાર્થીઓની હાય પરટેન્શન, ડાયાબિટીસ, ટી.બી જેવારોગો માટે આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. કાર્યક્રમોમાં ૧૪૦૫ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ૨૮૨ લાભાર્થીઓને પીએમ સ્વનિધી, ૧૫૭ લાભાર્થીઓને પીએમ ઉજ્જવલા યોજના, ૭૭ લાભાર્થીઓને સ્વચ્છ ભારત અભિયાન(અર્બન), ૬૮ લાભાર્થીઓને પીએમ વિશ્વકર્મા, ૩૫ લાભાર્થીઓને પીએમ મુદ્રા લોન, ૧૨૪ લાભાર્થીઓને પીએમ જન ઔષધીપરિયોજના સહિતની યોજનાઓના લાભો/ યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી. સાથેજ, ખેલો ઈન્ડિયા અંતર્ગત ૮૦ ખેલાડીઓનારજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ ડે.મ્યુનિસિપલ કમિશ્નર (પશ્ચિમ ઝોન), મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ, વિવિધ કમિટીઓના હોદે દારો વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

આનંદ અમુલ ડેરી ખાતે સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો

સૂર્ય નમસ્કાર એ આત્મા સાથેના જોડાણની પ્રક્રિયા છે : નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી

કમલમ્ન્યુઝ,બીનાપટેલ
દરેક વ્યક્તિ યોગના મહત્વને સમજીને તેને જીવનનો ભાગ બનાવે તેવા શુભ આશયથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યવ્યાપી સુર્યનમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેની પુણાહુતિના ભાગરૂપ રાજ્ય નો તમામ જિલ્લાઓ/ મહાનગરપાલિકાઓ તેમજ આઈકોનીક જગ્યાઓમળી ૧૦૮ જગ્યાએ સૂર્ય નમસ્કાર કાર્યક્રમો યોજાયાહતા. અમુલડેરી, આણંદ ખાતે યોજાયેલ સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાંગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકીએ સૂર્ય નમસ્કારનું મહત્વ સમજાવતા કહ્યું હતુ કે, સૂર્ય નમસ્કાર હતાશા, તણાવ અને માનસિક થાકને દૂર કરી મનને પ્રફુલિત કરે છે. સૂર્ય નમસ્કાર એ માત્ર યોગ નહીં પરંતુ આત્મા સાથેના જોડાણની પ્રક્રિયા છે. શ્રી સોલંકીએસુર્ય નમસ્કારશરીરને અને મનનેશાંતિ આપવાઉપરાંત લોહીનું પરિભ્રમણવધારે છે,શ્વાસનિયંત્રણ કરે છે,એકાગ્રતામાંવધારો કરે છે તથા શરીરમાં નવી ઉર્જાનું સિચન કરે છેતેમ જણાવી યોગએને સૂર્ય નમસ્કારને રોજિંદા જીવનમાં અપનાવવા અપીલ કરી હતી. આ તકે ઉપસ્થિત સૌએ મહેસાણાના મોઢેરા સૂર્ય મંદિર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં અમુલ ડેરીઓના અધિકારીઓ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ ટ્રેઈનર સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નગરવાસીઓ ઉપસ્થિત રહી સુર્ય નમસ્કાર યોગાભ્યાસમાં જોડાયા હતા. ઉલ્લેખનીયછે કે, મોઢેરાસૂર્ય મંદિર સહિત રાજ્ય ભર માં ૧૦૮ સ્થળોએ યોજાયેલ સુર્ય નમસ્કાર કાર્યક્રમ એ વિશ્વવિક્રમ સર્જયો છે જેની નોંધ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાંલેવાઈ છે.

સુરસાગર તળાવ ખાતે વિધાન સભાના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલ રહ્યા ઉપસ્થિત

કમલમ્ ન્યુઝ,
માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતેથી ધારાસભ્ય યોગેશ પટેલ,મ્યુનિ.કમિશનર દિલીપરાજાણી અને કલેકટર અતુલ ગોરની ઉપસ્થિતિમાં વિશ્વ વિક્રમ સર્જવામાં ૧૨૦૦ કરતા વધુ લોકોએ ભાગીદારી નોંધાવી શહેરના આઠકોનિક સુરસાગર, કમાટી બાગ,એમ.એસ. યુનિ.થી બહોળી સંખ્યામાં યોગ પ્રેમીઓ જોડાયા સૂર્ય નમસ્કારને વિશ્વસ્તરીય ફલક પર લઈ જવા માટે ગુજરાતરાજ્ય યોગબોર્ડએન રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્ય માં સૂર્ય નમસ્કાર મહા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આજે નૂતનવર્ષના પ્રથમ દિવસે તા.૦૧ જાન્યુઆરીના રોજ રાજ્યભરમાં ૧૦૮ સ્થળોએ સૂર્ય નમસ્કાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યકક્ષાનોસૂર્ય નમસ્કાર કાર્ય ક્રમ મોઢેરા સૂર્ય મંદિર ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાહતા. રાજ્યકક્ષાના કાર્યક્રમના અંતે સૂર્ય નમસ્કાર સ્પર્ધાના તમામ વિજેતા સ્પર્ધકોનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. વડોદરા શહેર સહિત અન્ય

જિલ્લાઓ વર્ચ્યુઅલ માધ્યમ વડે રાજ્ય કક્ષાનાં સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાંજોડાયા હતા. ગુજરાત રાજ્ય વિશ્વભરમાં એક સાથે સૂર્ય નમસ્કાર કરવામાં વિશ્વવિક્રમ સર્જવા જઈ રહ્યું છે જે અંતર્ગત માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાજા, કલેક્ટર શ્રી અતુલ ગોર અને જિલ્લા રમતગમત અધિકારી સુશ્રી કિષ્ણા પંડ્યાનીહાજરીમાં કાર્યક્રમ યોજાયોહતો. ગુજરાતરાજ્ય યોગ બોર્ડના નિષ્ણાતોએ ઉપસ્થિત સર્વને સૂર્યનમસ્કાર કરતા કરાવ્યા હતા.અહીં ૧૨૦૦ ઉપરાંત યોગ પ્રેમીઓ જોડાઈને વિશ્વવિક્રમ સર્જવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વડોદરાના અન્ય આઠકોનિક સ્થળો સુરસાગર તળાવ, કમાટી બાગ, એમ.એસ. યુનિ.ખાતે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કચેરી અને વડોદરા મહાનગરપાલિકાના માર્ગદર્શન હેઠળ સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંસુરસાગર તળાવખાતે વિધાન સભાના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલ, કમાટી બાગ ખાતે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમૃતા હીરપરા અને એમ.એસ. યુનિ. ખાતે પ્રાધિકારીઓની ઉપસ્થિતિમાંસૂર્યનમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

સુરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વન પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો

નવા વર્ષના પ્રથમ સૂર્ય કિરણના આગમન સાથે સૂર્ય નમસ્કાર કરી ગુજરાતે સ્થાપિત કરેલા વિશ્વ વિક્રમમાં સહભાગી બન્યો સુરત જિલ્લો

કમલમ્ ન્યુઝ,
ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગરતેમજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે નવા વર્ષના મંગલમય દિવસેરાજ્ય વ્યાપીસૂર્ય નમસ્કાર મહાઅભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે આજે સુરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વન પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના પ્રેરક ઉપસ્થિતિમાંયોગસાધકો એક સાથે સૂર્ય નમસ્કાર કર્યા હતા. સુરત જિલ્લાના ૩ સહિત સમગ્ર રાજ્યના ૧૦૮ એતિહાસિક સ્થળોએ સામુહિક સૂર્ય નમસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ એ ભારતીય સંસ્કૃતિ એક પ્રાચીન પ્રથા છે જે નો ઉદ્ભવ ભારતમાં થયા હતી.

